હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાપા, હમણાં મેન્યુલ ખેતીમાં મદદ નહી કરું... ટચ ટેકનોલોજીવાળી ખેતી આવે ત્યારે હું બહુ ઉપયોગી થઈશ...

વાયબ્રન્ટ સમિટ નહિ પણ ગરીબ બાળકોને બેસવા શાળામાં ઓરડાઓ બનાવો

પંચાયત પ્રમુખ મંગુબેન ચૌધરી અને બેચરજી ઠાકોરનો આક્રોશ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં એક તરફ ૩૦૦થી વધુ વર્ગખંડો જર્જરિત છે તેના નિર્માણ માટે વધુ નાણાંકીય જોગવાઈ નહિ કરતી સરકાર પોતાનો રાજકીય એજન્ડા જાહેર કરવા સરકારી ખર્ચે વાયબ્રન્ટ સમીટ જેવા આયોજન કરી રહેલ છે તે નિંદનીય છે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ (ચૌધરી) અને સિનીયર સભ્ય બેચરજી ઠાકોરે આજે જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ૨૦૧૮-૧૯ માટે જિલ્લામાં માત્ર ૭૨ વર્ગખંડોના નિર્માણ માટેની જોગવાઈ કરવામાં આવી છે જે ઘણી ઓછી રકમ છે.

એક તરફ શિક્ષણના સાર્વત્રિકરણની વાતો કરતી સરકાર બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરી રહી છે. બાળકોને બેસવા માટે વર્ગખંડો નથી અને જે જર્જરિત છે તેને બદલી નવા બનાવવા માટે ગ્રાન્ટ નથી તો બીજી તરફ આવા ઝાઝરમાન દેખાડાનો શો અર્થ છે.

આ આગેવાનોએ જણાવ્યુ છે કે જિલ્લામાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે કોઈ જ નક્કર આયોજનો સરકાર કરતી નથી એટલુ જ નહિ પણ ગુણોત્સવ અને મિશન વિદ્યાના નાટકો-તરકટો જાહેર કરી બાળકો માટે સરકાર કેટલી ચિંતીત છે તેવુ બતાવે છે પણ જર્જરિત વર્ગખંડોના નિર્માણ માટે ગ્રાન્ટ વધારે ફાળવતી નથી.

જિલ્લામાં ૧૦૦થી વધુ શાળાઓ એક્સો વર્ષથી વધુની આયુ ધરાવતી શાળાઓ છે ત્યારે મરામત માટે પણ અપુરતી ગ્રાન્ટ ફાળવે છે અને એટલે જિલ્લા પંચાયતને સ્વભંડોળમાંથી આ રકમની ફાળવણી કરવાની ફરજ પડે છે.

દરમ્યાન કારોબારી સમિતિના ચેરમેન અમૃતાબેન ઠાકોરે જણાવ્યુ છે કે બક્ષીપંચની વસ્તી ધરાવતા જિલ્લા માટે સરકાર વધુ નાણાં ફાળવે તેવી માંગ કરી આ આગેવાનોએ જણાવ્યુ છે કે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં આ મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ રજુઆતો કરી છે અને ઉપવાસ આંદોલનોની ચીમકી આપી હતી આ પછી તંત્ર થોડુક હરકતમાં આવ્યુ છે. પરંતુ આ માટેની સંવેદનશીલતા જોઈએ તેટલી દાખવવામાં ઉણુ ઉતરેલુ છે.

ઉત્તરાયણમાં જોખમી દોરીના ગુચ્છા એકત્ર કરનારને કિલો દીઠ રૂ. ૫૦ મળશે

ગાંધીનગર, તા. ૭

ઉત્તરાયણનો તહેવાર આવી પહોંચ્યો છે અને પતંગરસિયા પતંગબાજીનો શોખ પુરો કરવા થનગની રહ્યું છે. ત્યારે બીજી તરફ પક્ષીપ્રેમીઓ અબોલ પંખીઓની સુરક્ષા માટે ચિંતિત બન્યાં છે. શહેરની

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા સતત ચોથા વર્ષે પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનમાં આ વર્ષે ઉત્તરાયણમાં દોરીના ગુચ્છા એકત્ર કરનારને કિલોદીઠ રૂ. ૫૦ આપવાનો નવતર પ્રયોગ પણ હાથ ધરવામાં આવ્યો છે.

સર્વ નેતૃત્વ ગ્રૂપ દ્વારા પતંગબાજોને સવારે ૬ થી ૯ કલાક દરમ્યાન અને સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન પક્ષીઓની અવરજવર વધુ રહેતી હોઈ પતંગ ચગાવવાનું ટાળવા અનુરોધ કરવામાં આવ્યો છે. સર્વ નેતૃત્વ દ્વારા દર વર્ષે પક્ષી બચાવવા જાગૃતિ રેલી યોજવામાં આવે છે પરંતુ આ વર્ષે નવતર પ્રયોગ સ્વરૂપે ઠેર ઠેર ફસાયેલી દોરી એકત્ર કરી લાવનારને ૧ કિલો દોરીના ગુચ્છા બદલ રૂ. ૫૦નું વળતર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વળતર મેળવવા સર્વને નેતૃત્વ ગ્રૂપનો મો. નં. ૯૧૫૭૬૬-૩૭૮૭૭ અથવા ૮૧૪૧૭-૪૩૨૪૧ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

રાધે સ્વીટ્સના ક્રિસમસ કાર્નિવલમાં ડ્રોઈંગ સ્પર્ધામાં વિજેતાઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં તાજેતરમાં નાતાલનો તહેવાર ભારે હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો

હતો અને શહેરમાં વિવિધ વ્યવસાયિક એકમો દ્વારા પણ ક્રિસમસ કાર્નિવલ જેવા આયોજનો કરવામાં આવ્યા હતા. શહેરની સુવિખ્યાત રાધે સ્વીટ્સ દ્વારા સેક્ટર-૧૧ના શૉરૂમના પ્રાંગણમાં પણ તા. ૨૪મીથી તા. ૩૧મી ડિસેમ્બર સુધી વિવિધ પ્રકારના કાર્યક્રમો સાથે ક્રિસમસ કાર્નિવલ ઉજવાયો હતો. જેમાં બાળકો માટે ડ્રોઈંગ કોમ્પીટીશનનો પણ સમાવેશ થાય છે. આ સ્પર્ધાના વિજેતા બાળકોને ઈનામો દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

રાધે સ્વીટ્સના ક્રિસમસ કાર્નિવલમાં યોજાયેલ ડ્રોઈંગ કોમ્પીટીશનમાં બાળકોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને જેમાંથી પાંચ બાળકો જેમના ચિત્રો શ્રેષ્ઠ હતા તેમને વિજેતા જાહેર કરાયાં હતા.

આ ઉપરાંત અન્ય પાંચ સ્પર્ધકોને લકી ડ્રો દ્વારા પસંદ કરી સન્માનવામાં આવ્યાં હતા. સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ સન્માનવામાં આવેલ બાળકોમાં એંજલ સકસેના, હાર્દિ સોની, કુશાગ્ર બત્રા, નીવ કાપડીયા અને મેહુલ મિશ્રાનો સમાવેશ થાય છે જ્યારે લકી ડ્રોના વિજેતા બાળકોમાં આરીહા સાવંત, દિપાલી ઠાકોર, શ્રેયા બજાજ, સ્વાતી કઠીયા અને જયંતિ પટેલનો સમાવેશ થાય છે. તમામ વિજેતા બાળકોને રાધે સ્વીટ્સના વિપુલભાઈ સુખડિયા દ્વારા ડ્રોઈંગ કીટ અને ગીફ્ટ આપવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને ડ્રોઈંગ કીટ રાધે સ્વીટ્સ તરફથી પુરી પાડવામાં આવી હતી.

સે-૧૬ શોંપીગ સેન્ટર પાસેથી બે વિદેશી દારુની બોટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ શોંપીગ સેન્ટર પાસેથી રવિવારની રાત્રીના સમયે એક શખ્સ વિદેશી દારુની બે બોટલ અને બીયરના ટીન સાથે એલસીબી પોલીસે યુવકને પકડી પાડ્યો છે. ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમના સભ્યોએ આ યુવકને રૂ.૫૪૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત પ્રમાણે ગાંધીનગર એલસીબીની ટીમ રાત્રીના સમેય પેટ્રોલીંગમાં હતી તે સમયે પોલીસ કોન્સ્ટેબલ ભવાનસિંહ બાબુજીને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૧૨ બ્લોક નં. ૮૭-૪માં રહેતો હેમંત ઉર્ફે અમીત ઓમપ્રકાશ પંડયા (૨૮ વર્ષ) નામનો શખ્સ વિદેશી દારુના જથ્થા સાથે સેકટર-૧૬શોંપીગ સેન્ટર પાસે ઉભો છે. બાતમીને આધારે એલસીબીએ તેને શોંપીગ સેન્ટર પાસેથી પકડી લીધો હતો. તેની સાથે રહેલા થેલામાં ચકાસણી કરતા રૂ.૮૦૦ ની કિંમતની બે બોટલ અને ૬ બિયરના ટીન કિ.૬૦૦ મળી આવ્યા હતા. તેની પાસે રહેલો દારુ ક્યાંથી લાવ્યો તેની વિગત પુછતા આ યુવકે દહેગામ ખાતે રહેતો બાબુ નાના ચિલોડા સર્કલથી ગાંધીનગર આવતા માર્ગ પર આપી ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે યુવક પાસેથી દારુના જથ્થા સાથે રૂ.૪ હજારનો કિંમતનો એક મોબાઈલ મળીને કુલ રૂ. ૫૪૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને હેમંત પંડયા અને દહેગામના બાબુ સામે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લોકસભા ચૂંટણી માટે ભાજપે ૧૭ કમિટી રચી જેમાં ગુજરાતમાંથી ૪ નેતાની પસંદગી થઈ તે પૈકી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને સહકારી જિલ્લાના મધુર ડેરીના ચેરમેન અને સમાજના અગ્રણી શંકરસિંહ રાણાએ સન્માન સાથે શુભેચ્છા પાઠવી તે પ્રસંગની તસ્વીરમાં વિનોદસિંહ રાઠોડ તેમજ યુવરાજસિંહ વિનોદસિંહ રાઠોડ કેનેડા ટોરેન્ટો ખાતે ઉચ્ચ અભયાસ માટે જઈ વેકેશનમાં આવેલા હોઈ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ યુવરાજને શુભેચ્છા પાઠવી, શાલ ઓઢાડી, ફુલહાર પહેરાવી ખાસ સન્માન અને રાજીપો વ્યક્ત કર્યો તે પ્રસંગની તસવીર.

ભોંયણ રાઠોડ પાસે કારની લૂંટના વધુ બે આરોપીઓ પકડાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ભોંયણ રાઠોડ ગામ પાસે ગત્ તા.૧૬ ડિસેમ્બરની રાત્રે હની ટ્રેપ દ્વારા ગોધરાના હબોટલે સંચાલકની કારની થયેલી લુંટમાં સંડોવાયેલી ગેંગના વધુ બે સાગરીતોને પેથાપુર પોલીસે પકડી લીધા છે. યુવતીએ જ ગોધરાના હોટલ માલિક સાથે ઓળખાણ વધારીને તેને ગાંધીનગર બોલાવ્યો હતો. અગાઉ પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા હતા. જેની પુછપરછમાં વધુ બે આરોપીઓ ઝડપાયા છે અને હજુ એક યુવતિની શોધખોળ શરુ છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તા.૧૬ ડિસેમ્બરના રોજ બનેલી ઘટનાની ફરીયાદને પગલે પેથાપુર પીએસઆઈ એ.જી.અનુરકારે પોતાની ટીમ સાથે મળીને ૩ જાન્યુઆરીના રોજ કલલોલ ખાતે રહેતા મનુ ફકીરજી ઠાકોર તેમજ મહેસાણાના કડી તાલુકાના થોર ગામના કેતન બાબુભાઈ રાવળને ઝડપી લીધા હતા. બે દિવસના રીમાન્ડ દરમિયાન બિજલભાઈને પોન કરીને ગોધરાથી ગાંધીનગર બોલાવનાર હાલ કલોલના પાનસર હુડકોમાં રહેતી અને મુળ રાજસ્થાન ના ઝાલોરની યુવતી સજનબેન રાજસિંગ રાઠોડ (૩૩ વર્ષ) અને અજયસિંહ અજીતસિંહ ચાવડા (૨૮ વર્ષ રહે.પાનસર)ને ઝડપી લીધા છે. લુંટમાં સામેલ અન્ય એક મહિલા હાલ ફરાર છે જેની શોધખોળ પેથાપુર પોલીસે આદરી છે. ત્યારે ગોધરાના બિજલભાઈ ભરવાડ દાહોદ હાઈ વે પર ખોડીયાર હોટલ ચલાવે છે. તેઓને તા.૧૬ ડિસેમ્બરના રોજ ડિમ્પીએ ફોન કરીને મળવા બોલાવ્યા હતા.તેઓ અડાલજ કલોલ હાઈ વે પર બાપા સીતારામ હોટલ ખાતે પહોંચ્યા હતા. જયારે સજન સાથે રહેલી અન્ય એક યુવતિને સજને પોતાની મોટી બહેન દર્શાવી હતી અને કલોલ ખાતે મુકવા જવાની વાત કરી હતી. ત્યારબાદ રાત્રીના સુમારે ભોંયણ રાઠોડ ગામ પાસે કાર રોકાવી ચાર ઈસમોએ લાકડી વડે હુમલો કર્યો હતો અને બિજલભાઈ ભરવાડની ક્રેટા કાર લઈને ટોળકી રફુચક્કર થઈ ગઈ હતી.

રાજ્યભરમાં નાગરિકો માટે ૩૦ નવી "૧૦૮" એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૭

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં અકસ્માત કે આપત્તિના સમયે ઈજાગ્રસ્ત-બિમાર વ્યક્તિને

તાત્કાલીક સારવાર પૂરી પાડવા "૧૦૮ એમ્બ્યુલન્સ વાન" સેવા રાજ્યમાં પ્રચલીત બની છે. એને વધુ સુદઢ બનાવવા નવી અત્યાધુનિક સુવિધા સંપન્ન એમ્બયુલન્સ વાન કાર્યરત કરાઈ છે.

આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ-શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ, આરોગ્ય રાજ્ય મંત્રી કુમારભાઈ કાનાણીની ઉપસ્થિતિમાં નવી ૩૦ એમ્બયુલન્સ વાનનું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવીને લોકાર્પણ કર્યુ હતું.

નાયબ મુખ્યમંત્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા કહ્યું કે, રાજયના નાગરિકોને ઈમરજન્સીમાં આરોગ્ય સારવાર પૂરી પાડવા તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭થી ૧૦૮ એમ્બયુલન્સ સેવા કાર્યરત કરી છે જે માત્ર ૨૦ મીનીટના ગાળામાં દર્દીઓ પાસે પહોંચી જાય છે અને સારવાર પૂરી પાડે છે. રાજયભરમાં હાલ ૫૮૭ એમ્બયુલન્સ કાર્યરત છે અને કાર્યરત ૨૬૧ એમ્બયુલન્સ વાન બદલીને નવી ૬૩ ઉમેરવા આ વર્ષે નવી ૩૨૪ એમ્બયુલન્સ વાન ખરીદવામાં આવનાર છે. આગામી સમયમાં રાજ્યમાં ૬૫૦ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત થશે જે રાજ્યના તમામ જિલ્લાઓને આવરી લેશે.

મોટી આદરજથી વિજાપુર બ્રોડગેજ લાઈનનું કામ શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા.૭

અમદાવાદ ડીવીઝનલમાં આવેલ આદરજ મોટી થી વિજાપુર મીટરગેજ લાઈનનું બ્રોડગેજ લાઈનમાં રૂપાંતર કરવા સેકટર-૨૬ કિસાન નગર વસાહત મંડળ દ્વારા પ્રો. ડાહ્યાભાઈ પટેલે જોરદાર રજુઆતો કરી છે. જેને પગલે કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રાલયે ૨૦૧૬ના વર્ષમાં બજેટમાં ૨૯૬ કરોડ મંજુર કર્યા હતા. ત્યારે હાલના સમયે મોટી આદરજથી વિજાપુર સુધીની મીટરગેજ લાઈન પર સર્વેની કામગીરી ચાલી રહી છે. પરંતુ ગેજ પરિવર્તનનું કામ શરુ કરાયું નથી. ગેજ પરિવર્તનનું કામ જલ્દી શરુ કરવા માટે વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર અને કોન્ટ્રાકટરને સુચન કરવામાં આવે તેવી માંગ ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના નાગરીકોએ કરી છે. ગુજરાત સરકારના રેલ્વે વિભાગે પણ આ કામ જલ્દી શરુ થાય તે માટે જનરલ મેનેજરને રજુઆત કરે તેવી મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની જનતાની લાગણી અને માંગણી છે.

ચંદ્રાલા સિનિયર સીટીઝન ક્લબ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજની પીકનીકનુ આયોજન

ચિલોડા, તા. ૭

ગાંધીનગર સ્થિત સિનિયર સીટીજન ક્લબ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર અને ચંદ્રાલા સંયુક્ત ઉપક્રમે

બાબુભાઈ કે. પટેલના અધ્યક્ષસ્થાને પ્રાંતિજ તાલુકાના વાઘપુર સ્થિત પટેલ ફાર્મ ખાતે વરિષ્ઠ નાગરિકોનું પીકનીક અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સિનિયર સીટીજન સંયોજક રમણભાઈ એમ. પટેલ (યુ.એસ.એ.) તથા ચંદ્રાલા સંયોજક રમેશભાઈ વી. કેર ફાઉન્ડેશનના ચેરમેન અને મોટીવેશન એક્સપર્ટ જે.સી. પટેલ તથા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જે.સી. પટેલે ૩૫૦થી વધુ વરિષ્ઠ નાગરિકોને પ્રેરણાદાયક પ્રવચન દ્વારા તંદુરસ્તી માટે હળવા કસરતો યોગ, ધ્યાન, પ્રાણાયામ અંગે પ્રાયોગિક ધોરણે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સાથે વડીલોને સંગીત ખુરશી અને મેમરી રમતો દ્વારા હળવાશભરી રીતે મનોરંજન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે બીજા ધોરણમાં અભ્યાસ કરતી ચાર્વી પટેલે હૃદયસ્પર્શી 'મા' વિશે સુંદર પ્રવચન કરી વરિષ્ઠ નાગરિકોને 'બેચી બચાવો' 'મા તે મા બીજા વગડાના વા જનની જોડ સખી નહી જડે રે લો. વિશે વક્તવ્ય રજૂ કર્યુ હતુ.

ત્યારબાદ સ્વરૂચિ ભોજન કરી મહુડી મંદિરે દર્શનયાત્રા કરી હતી આમ પીકનીક સ્થળે જવા ગાંધીનગરથી લકઝરી બસની વ્યવસ્થા ત્યારબાદ મહુડીથી વાઘપુર જવા ખાનગી વાહનો દ્વારા પીકનીક સ્થળે પહોંચી કુદરતી સાનિધ્યમાં પીકનીકનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા વિશાળ ક્રિસમસ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાંગણમાં યોજાયેલા આ કાર્નિવલમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મુલાકાતીઓ માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગેમ ઝોન અને ફુડ સ્ટોલે પણ આકર્ષણ જમાવ્યું હતું. વિદ્યાર્થીઓએ જરૂરીયાતમંદોને ધાબળાનું વિતરણ કરી ક્રિસમસ કાર્નિલવના આનંદને વહેંચ્યો હતો.

ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસ દ્વારા બ્રેસ્ટ કેન્સર ચેકઅપ કેમ્પ્સ યોજાયા

મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરના કેસ વિશ્વભરમાં ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યા છે. આ પરિસ્થિતિને અનુલક્ષીને ગાંધીનગરની ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસ સંસ્થા દ્વારા છેલ્લા એક સપ્તાહમાં શહેરમાં ત્રણ સ્થળે નિઃશુલ્ક બ્રેસ્ટ કેન્સર ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યા હતા જેનો અંદાજે ૧૦૦ જેટલી મહિલાઓએ લાભ લીધો હતો.

ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસ દ્વારા શહેરમાં મહિલાલક્ષી વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ અંતર્ગત તાજેતરમાં તા. ૨૯મી ડિસેમ્બર, ૫મી જાન્યુઆરી અને આજે મહિલાઓ માટે વિના મૂલ્યે બ્રેસ્ટ કેન્સર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. પહેલો કેમ્પ સે-૨૩માં બીજો કેમ્પ કુડાસણના લાજરી બ્યુટી પાર્લર ખાતે અને અંતિમ કેમ્પ આજે ઉર્જાનગર-૨ સોસાયટી ખાતે યોજવામાં આવ્યો હતો. આ ૩ કેમ્પમાં અંદાજે ૧૦૦ જેટલી મહિલાઓએ નિદાન કરાવ્યું હતું. કેમ્પ દરમિયાન સંસ્થાના પ્રમુખ શિલ્પા દેસાઈ, પ્રોજેકટ કો-ઓર્ડિનેટર તથા ટ્રેઝરર રશ્મિ ગોંડલિયા, કો-સેક્રેટરી પ્રિતી મિશ્રા, ભાવના દેસાઈ તથા ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ ગાંધીનગરના પ્રમુખ કુંપલ દવે સહિત હિતેશ ગોંડલિયા, ભરત દેસાઈ અને હેમા સાગરે હાજરી આપી હતી.

કેએસવીના એમએસસી વિભાગ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચના એમએસસી-આઈટી વિભાગ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટ ડીન ડો. એન.એન.જાની, વિટોર કલાઉડસ ટેકનોલોજી પ્રા. લિ.ના વિશાલ રોજપુરોહિત, એસસી આઈટી વિભાગના ડીન ડો. ભદ્રેશ પંડયા સહિત પ્રાધ્યાપકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આયોજિત સંમેલનમાં છેલ્લાં પાંચ ટર્મ પૂર્ણ કરનાર રેન્કર વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા પ્રમાણપત્ર, ૧૨ વિદ્યાર્થીઓને વર્ક પ્રોફાઈલના આધારે મોમેન્ટો સહિત પ્રમાણપત્ર, ૧૫ જેટલા વિદ્યાર્થીઓને દરેક કાર્યક્રમોમાં ઉત્તમ સહયોગ આપવા બદલ ટ્રોફી તથા પ્રમાણપત્ર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. પ્રો. યજ્ઞેશ વ્યાસ, પ્રો. ભાવેશ કટારીયા, કિંજલ પટેલ, સેજલ પટેલે સહિત વિદ્યાર્થીઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ૧૮૯ લાભાર્થીઓને ૩૦ લાખની કિંમતના પગમીલ અને ઈલેકટ્રીક ચાક સાધનનું વિતરણ

ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા માટીકામ કારીગરો માટેની પગમીલ અને ઈલેકટ્રીક ચાક વિતરણ સમારંભ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સે-૧૨ ખાતે યોજાયો હતો. સમારંભને સંસ્થાનના અધ્યક્ષ દલસુખભાઈ પ્રજાપતિના હસ્તે દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુક્યો હતો. ૧૮૯ લાભાર્થીઓને ૭૫ ટકા સહાયથી રૂપિયા ૩૦ લાખની કિંમતના પગમીલ અને ઈલેકટ્રીક ચાક સાધનનું વિતરણ કરાયું હતું.

સંસ્થાના અધ્યક્ષ દલસુખભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, માટીકામ કલા કારીગરોને રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૦૯માં ૧૯૭૧ ચાકરા અને ૬૬૨ પગમીલ મળી કુલ-૨૯ લાખથી વધુની સહાય જરૂરિયાતમંદ લોકોને આપીને પગભર બનાવવા માટેની શરૂઆત કરી હતી. પગમીલ અને ઈલેકટ્રીક ચાક થકી માટીકામ કલા કારીગરોને શ્રમમાં ઘટાડો થશે. ઉત્પાદન વધશે. જેથી તેમની આવકમાં વધારો થશે. અમદાવાદ, આણંદ, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, મહેસાણા, મહીસાગર, સાબરકાંઠા જિલ્લાના કુલ-૧૦૨ લાભાર્થીઓને પગમીલ અને ૮૭ લાભાર્થીઓને ઈલેકટ્રીક ચાક મળી કુલ- ૧૮૯ લાભાર્થીઓને રૂપિયા ૩૦ લાખની સહાય આપીને આ સાધન આપવામાં આવ્યા છે.

આ સંસ્થાન ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગ હેઠળ કાર્ય કરતી સર્વિસ ઈન્ટીટયુટ છે. રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ માટીકલા કારીગરી બોર્ડ અને ટેકનોલોજી બોર્ડનું જોડાણ કરીને આ સંસ્થાનનો આરંભ કર્યો હતો. આ સંસ્થાન દ્વારા ગ્રામ કારીગરોના તથા કુટિર ઉધોગના વિકાસ દ્વારા ગ્રામ વિકાસની પ્રક્રિયાને વેગીલી બનાવવા જી.સી.વી.ટી. એપ્રુવ્ડ ટ્રેડમાં લાભાર્થીઓના ઘર આંગણે વિના મૂલ્યે સ્વરોજગારીલક્ષી ટુંકાગાળાની તાલીમ આપવામાં આવે છે.